# રન ફોર યુનિટી એટલે સમગ્ર દેશની જનતાને જોડવાનું અભિયાન : રજનીકાંત પટેલ

હિંમતનગર, તા. ૩૧

અંખડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મતિથિએ સમગ્ર રાજયમાં રન ઓફ યુનિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત આજે શુક્રવારના રોજ સાબરકાંઠા જિલ્લામાં ગૃહ રાજય અને જિલ્લા -ભારી મંત્રી રજનીકાન્ત પટેલે રન ફોર યુનિટીના દોડવીરોને લીલી ઝંડી આપીને હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી -સ્થાન કરાવ્યુ હતું.

આ -સંગે મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યુ હતુ કે, આજે સમગ્ર રાજયમાં એક સાથે તમામ જિલ્લાઓ અને ૩૧ શહેરોમાંથી દોડવીરો રાષ્ટ્રીય એકતા માટેની રન ફોર યુનિટી દોડમાં જોડાયા છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતુંકે સમગ્ર દેશને એકતાનો સંદેશ આપનાર સરદાર વલ્લભભાઇ પટેલે ભારતની ગ્રામ શક્તિ અને કિસાન શક્તિને જોડવાનું કામ કર્યુ હતું. તેમની યાદમાં કેવળીયા ખાતે દુનિયાની સૌથી ઉંચી -તિમા બનાવવાનું મહાભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જેના માટે દેશભરમાંથી ખેડૂતોના ખેત વપરાશમાં લેવાયેલા ઓજારોથી આ વિરાટકાય -તિમાનું નિર્માણ કરવામાં આવનાર છે. જે લોકોને જોડવાનું અભિયાન એટલે રન ફોર યુનિટી.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લામાંથી આજે મોટી સંખ્યામાં લોકો રન ફોર યુનિટીના મહાભિયાનમાં જોડાઇને એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરવા માટે -તિબધ્ધ બનવા મંત્રીએ જણાવ્યુ હતું મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુકે, સમગ્ર જિલ્લાના શહેરોથી લઇને ગામે ગામ સફાઇ સ્વચ્છતા ઝુંબેશ આદરી આ જિલ્લામાં તમામ લોકોને જોડવા અપીલ કરી હતી.

રન ફોર યુનિટી હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ થઇ શહેરના સિવિલ સર્કલ, પાંચબતી, ટાવર રોડ સહિતના વિસ્તારોમાંથી પસાર થયા હતા. જયાં મહાવીરનગર સર્કલ ખાતે સમાપન કરવામાં આવ્યુ હતું જિલ્લાના વિવિધ શહેરો અને તાલુકા મથકે રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, અધિક કલેકટર ધનાણી, -યોજના વહિવટીદાર કે.એસ.વસાવા સહિત તમામ અધિકારીઓ સહિત શહેરના વરિષ્ઠ નાગરીકો, વિધાર્થીઓ, પોલીસ જવાન સહિત શહેરના નાગરીકો રન ફોર યુનિટી કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# પાલનપુરના કરજોડા નજીક ટ્રેનની અડફેટે માતા-પુત્રના કરૂણ મોત

પાલનપુર શહેરના કરજોડા નજીક રેલ-વે લાઈન પર ધસમસતી ટ્રેનની નીચે માતા અને પુત્ર આવી જતા બન્નેના કરૂણ મોત નિપજ્યા હતા.પાલનપુર-આબુ હાઈ-વે પાસે સોનગઢ ગામ આવેલ છે. જયાં નર્મદાબેન સતિષભાઈ ચૌહાણ પોતાના પરિવાર સાથે રહે છે. આજે બપોરે નર્મદાબેન તેમના ૬ વર્ષના પુત્ર સાથે રેલવે લાઈન ઓળંગી રહ્યા હતા ત્યારે પુરપાટઝડપે ધસમસતી ટ્રેને માતા-પુત્રને અડફેટે લેતા બન્નેના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર પટેલની જન્મ જયંતિ નિમિત્તે પ્રાંતિજની પી.એન્ડ.આર. હાઈસ્કૂલ ખાતેથી વિશાળ રન ફોર યુનિટી દોડ યોજાઈ હતી. જેમાં હજારો સ્થાનિકોએ દોડ લગાવી હતી. પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડિયા દ્વારા સરદાર પટેલની જન્મ જયંતિની પૂર્વ સંધ્યાએ શહેરની સ્વેચ્છીક સંસ્થાઓ, શાળા કોલેજ સહિત વરિષ્ઠ નાગરિકો વગેરેને રન ફોર યુનિટી કાર્યક્રમમાં જોડાવવા અનુરોધ કર્યો હતો. જેમાં હજારોની સંખ્યામાં સ્થાનિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્થાનિકોએ ભાખરીયા બસ સ્ટેન્ડથી એપ્રોચ રોડ પર આવેલ એસ.ટી. બસસ્ટેન્ડ સુધી દોડ લગાવી હતી. બાદ તમામે સ્વચ્છતા માટે શપથ પણ લીધા હતા. ઉપરાંત સરદાર પટેલના જીવન વિશે જુદા જુદા વક્તાઓએ વક્તવ્ય પણ આપ્યું હતું. કાર્યક્રમમાં સાંસદ દિપસિંહ રાઠોડ, જયસિંહ ચૌહાણ, પ્રાંત અધિકારી મોદી, નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, પ્રહલાદભાઈ પ્રજાપતિ સહિત આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ઐતિહાસિક ગાંધી હોલમાં ઠેર ઠેર કરોળિયાના જાળા

ઈતિહાસકાર ડો. રિઝવાન કાદરીએ બ્રેઈલ લિપીમાં તૈયાર કરેલા સરદારના પુસ્તકના વિમોચન પ્રસંગે વર્ષો બાદ ખોલાયેલા ઐતિહાસિક ગાંધી હોલએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રની પોલ ખોલી નાખી છે. ગત ૨જી ઓક્ટોબરના સ્વચ્છતા મિશનની શરૂઆત કરનારા નેતા અને અધિકારીઓએ ગાંધી હોલની અવગણના કરી હતી. ૧૯૨૨માં અંગ્રેજોએ બનાવેલા રિપન હોલને વલ્લભભાઈ પટેલે અમદાવાદ મ્યુનિસિપાલીટીના પ્રમુખ બનતાની સાથે ગાંધી હોલ નામ આપી દીધું હતું. વર્ષ ૨૦૧૦માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નવું બિલ્ડીંગ તૈયાર થતાં ગાંધી હોલને તાળા મારી દેવાયા હતા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ બાંધકામ શાખાના નાયબ ઈજનેર વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનો નિવૃત્ત વિદાય સમારોહ તાજેતરમાં યોજાયો હતો. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સ્થિત બાંધકામ શાખાના નાયબ ઈજનેર આર.બી. પ્રજાપતિ વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા છે. તાજેતરમાં તાલુકા પંચાયત ખાતે બાંધકામ શાખાના સ્ટાફ અને પરિવારજનો દ્વારા કામગીરીને બિરદાવી ફુલહાર અને શ્રીફળ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## મધ્યાહન ભોજન અનાજના સંગ્રહ માટે કન્ટેનર અપાશે

અમદાવાદ, તા.૩૧

રાજ્યની પ્રાથમિક શાખાઓમાં પિરસાતા મધ્યાહન ભોજનના સંગ્રહ માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં ગેલ્વેનાઈઝના કન્ટેનરો આપવાનો નિર્ણય કરાયો છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ૭.૬૫ કરોડના ખર્ચે આ કન્ટેનરો આપવામાં આવશે. આ યોજના ટૂંક સમયમાં ગ્રાન્ટનું વિતરણ કરી કન્ટેનરો અપાશે. ગામડાની શાખાઓમાં મધ્યાહન ભોજન માટે અનાજ અને અન્ય વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે છે.

## મફત એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવાશે

અમદાવાદ, તા.૩૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ઉદેશ્ય સાથે એક નવી યોજના તૈયાર કરવામાં આવી છેજેઅંતર્ગત સીબીએસઈ પોતાના બોર્ડના વિદ્યાર્થીઓની સાથે સાથે દેશના અન્ય બોર્ડના વિદ્યાર્થીનીઓની દેશની ટોચની એન્જિનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટેની પરીક્ષાની તૈયારી વિનામુલ્યે કરાવશે. સીબીએસઈ દ્વારા પસંદ કરાયેલ આ વિદ્યાર્થીનીઓને વિનામુલ્યે ટેબલેટ પણ આપવામાં આવશે.

# પ્રાંતિજ પાસેના ગલતેશ્વર ફીડરના રોજના ધાંધીયાથી ખેડૂતો પરેશાન

પ્રાંતિજ, તા. ૩૧

પ્રાંતિજ જી.ઈ.બી. પાસેના જ વિસ્તારમાં ખેડૂતો અને પશુપાલકોને ૨૪ કલાક સીંગલફેઝ વીજ પુરવઠો ન મળતા અંદાજે ૪૦ જેટલા ખેતી કરતા ખેડૂતોના રહેણાંક મકાનમાં દરરોજ અંધારપટ છવાઈ જાય છે. આથી ખેડૂતોને રાત્રી દરમિયાન સતત હિંસક પ્રાણીઓનો ભય સતાવી રહ્યો છે ત્યારે આ વિસ્તારને નગરપાલિકાના શહેરીવિસ્તારમાં સમાવી લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રાંતિજના રેલ-વે સ્ટેશન વિસ્તારના જીઈબી મથક પાસે અંદાજે ૪૦ જેટલા ગરીબ ખેડૂતોના રહેણાંક મકાન આવેલા છે. જ્યાં આ ખેડૂતો પોતાના પરિવાર સાથે રહે છે અને દિવસ રાત ખેત મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ તમામ વિસ્તારમાં ગલતેશ્વર ફીડરમાંથી વીજ પુરવઠો પહોંચાડવામાં આવે છે, પરંતુ વખતોવખત ફીડર અને વીજ લાઈનમાં ખામી સર્જાતા ફીડર સંપૂર્ણપણે બંધ થઈ જાય છે. આથી આ ગરીબ ખેડૂતોને થ્રી ફેઝ તો શું સીંગલ ફેઝ પાવર પણ ત્રણ-ત્રણ દિવસ સુધી મળતો નથી. દરરોજના વીજ ધાંધીયાના લીધે ખેડૂતોને સતત ચોરી અને હિંસક પ્રાણીઓનો ભય સતાવી રહ્યો છે. જ્યારે ગરમી અને મચ્છરોના આક્રમણ વચ્ચે રાત વિતાવવી પડે છે. પરિણામે ખેડૂતોએ તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષની લાગણી વ્યક્ત કરી આ વિસ્તારને નગરપાલિકા શહેરી વિસ્તારમાં સમાવવા માંગ કરી રહ્યા છે.

# પાલનપુર મુકામે રન ફોર યુનિટી કાર્યક્રમ અંતર્ગત એકતા દોડ યોજાઈ

પાલનપુર, તા. ૩૧

તા.૩૧ ઓક્ટોબરના રોજ સવારે ૯.૦૦ વાગ્યે પાલનપુર મુકામે જુના ગંજ બજારથી શ્રી જી.ડી.મોદી કોલેજ, એરોમા સર્કલ સુધી રન ફોર યુનિટી કાર્યક્રમ અંતર્ગત એકતા દોડ યોજાઈ હતી. જેમાં વિશાળ સંખ્યામાં પાલનપુરના નગરના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પાલનપુર જુના માર્કેટયાર્ડમાં આવેલી સરદાર પટેલની -તિમાને ફૂલહાર કરી શ્રધ્ધાજંલિ આપી સામાજિક ન્યાય અને અધિકારીતા તથા બનાસકાંઠા જિલ્લાના -ભારી મંત્રી શ્રી રમણલાલ વોરાએ એકતા દોડને -સ્થાન કરાવ્યુ હતુ.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ -સંગે મંત્રીશ્રી રમણલાલ વોરાએ -સંગીક -વચન કરતાં જણાવ્યુ હતુ કે આજે સરદાર પટેલ સાહેબની જન્મજયંતિ છે. તેમણે કઝ્રુ કે દેશના ૬૦૦ કરતાં વધારે રજવાડાઓને એક કરવાનુ ભગીરથ કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલે કર્યુ હતુ. આ મહાપુરુષની યાદમાં સરદાર સરોવર કેવડીયા કોલોની ખાતે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટર સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવાનું વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નક્કી કર્યુ હતુ. તે કામનો આજથી શુભારંભ કરવામાં આવી રઝ્રો છે. તેમણે કઝ્રુ કે ગુજરાતના -થમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટના કામનો આજથી વિધિવત -નરંભ કરાવશે. મંત્રીશ્રીએ કઝ્રુ કે સરદાર સરોવર કેવડીયા કોલોની ખાતે રૂ.૩૦૦ કરોડના ખર્ચથી સરદાર પટેલનું ભવ્ય સ્ટેચ્યુ બનશે. તેમણે કઝ્રુ કે વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે રૂ.૨૦૦ કરોડ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ફાળવ્યા છે. જેથી હવે ગુજરાતની ધરતી પર વિશ્વનું સૌથી મોટુ સ્ટેચ્યુ આકાર પામશે. સરદાર પટેલનો સંદેશો ગામડે ગામડે પહોંચે તેના વાહક બનવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ કઝ્રુ કે સરદાર પટેલના જન્મદિવસે આપને નવા વર્ષે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું.

એકતા દોડમાં મોટી સંખ્યામાં અધિકારીઓ, પદાધિકારીઓ, શાળાના બાળકો, પોલીસ જવાનોએ ભાગ લીધો હતો. આ -સંગે સ્વચ્છતા માટે વર્ષમાં ૧૦૦ કલાક ફાળવવાના દરેક વ્યક્તિએ સંકલ્પ લીધા હતા. તથા એકતા અને અખંડિતતા માટેના પણ સંકલ્પ લેવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત -વચન -ાન્ત અધિકારીશ્રી જે.બી.દેસાઈએ કર્યુ હતુ.

આ -સંગે જિલ્લા ભાજપ -મુખ અને ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલ, જિલ્લા પંચાયતના -મખશ્રી સુખદેવસિંહ સોઢા, નગરપાલિકા -મુખશ્રી હસમુખભાઈ પઢીયાર, પૂર્વ મંત્રીશ્રી હરજીવનભાઈ પટેલ, બનાસ ડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળ, કલેકટરશ્રી દિલીપ રાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.પટેલ, એસ.પી.શ્રી ડી.બી.વાઘેલા, અગ્રણીઓ સર્વશ્રી દુષ્યંતભાઈ પંડ્યા, શ્રી માવજીભાઈ દેસાઈ, ગિરીશભાઈ જગાણીયા, શ્રી માધુભાઈ રાણા, શ્રી કાળુભાઈ આસેડીયા, અનિકેતભાઈ ઠાકર, શ્રી લેબજીભાઈ ઠાકોર, શ્રી વસંતભાઈ પુરોહિત, વિવેકાનંદ યુવા અને મહિલા મંડળના ઈન્ચાર્જ શ્રી ગણપતભાઈ જોષી સહિત જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, સહકારી આગેવાનો અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રઝ્રા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ૩૧ ઓક્ટોબર સરદાર જન્મ જયંતિ નિમિત્તે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા ઓઘારી નગર તળાવથી મોડાસા ચાર રસ્તા સુધી રન ફોર યુનિટી અંતર્ગત દોડ યોજાઈ હતી. મોડાસા શહેરમાં સરદાર પટેલ જન્મ જયંતિ નિમિત્તે મોડાસા શહેરમાં માલપુર રોડ ઉપર આવેલા ઓઘારી નગર તળાવ પાસે આજે સવારે જયંતિભાઈ બારોટ તથા જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ તથા મોડાસા નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ દ્વારા લીલી ઝંડી આપી રન ફોર યુનિટી દોડનો પ્રારંભ કરાવ્યો હતો. આ રેલીમાં મોડાસા શહેરની તમામ શાળાઓ જેવી કે કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલ, સર્વોદય હાઈસ્કૂલ, મખદૂમ હાઈસ્કૂલ, મોડાસા આઈ.ટી.આઈ. મોડાસા એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રોએ આ દોડમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રીય એકતા દિવસના આ દિવસે મોડાસા શહેરની વિવિધ સંસ્થાઓ, ડોક્ટર એસોસિએશન જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસા તથા મોડાસા શહેરના મહિલા મંડળ, નાના ભુલકાઓ તેમજ મોડાસા નગરપાલિકાના તમામ સદસ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તમામ લોકોએ રન ફોર યુનિટીમાં દોડ લગાવી હતી. તેમજ મેરેથોનમાં ભાગ લઈ રહેલા આમ જનતાએ ઉત્સાહ વધાર્યો હતો.

## મહિયલમાં બિહારીબંધુઓએ ભક્તિભાવપૂર્વક છઠ્ઠ પૂજા કરી

તલોદ નજીક મહિયલ ગામના પંચવટી વિસ્તારમાં નજીવી વસ્તી ધરાવતા બિહારી બંધુએ છઠ્ઠનો તહેવાર નકોડા ઉપવસાસ કરી મઠ ગામના તળાવે માટીના નાનકડા મંદિરોમાં રોશનીથી ઝગમગાટ કરી ગીતો વાંજીત્રો સાથે ફળો-નિવેધો ચઢાવી મોડી રાત્રી સુધી પોતાના ઈષ્ટદેવને ભકિતસભર ભાવથી ઉજવણી કરવામાં આવી હતી.

બિહારી બંધુ ગમે તે રાજયમાં કે ગામમાં રહેતો હોય પણ છઠ્ઠનો તહેવાર ધામધુમથી ઉજવતો હોય છે. જેની માહતી આપતા રાધાબહેન આસ્વારે જણાવ્યું હતું કે અમારા બિહારથી આવેલા દરેક ભાઈબહેનો તેમજ બાળકો છઠ્ઠનાં દિવસે નકોરડા ઉપવાસ રાખેછેતેમના ઈષ્ટદેવ માટીના મંદિરોમાં તળાવ કિનારે તેમનું સ્થાનક બનાવાય છે. આ દિવસે રોશનીથી ઝગમગાટ મંદિરે કરી સાફસુફી કરી રંગરોગન કરી દરેક નિત નવા કપડાંમાં સુસજ્જ થઈ બિહારી ગીતો વાંજીત્રા સાથે એક થાળમાં ફળો-અન્ય નિવેધો સાથે તળાવકિનારે બનાવેલા માટીના મંદિરોમાં ધૂપ-દિવા તેમજ અગરબત્તી સાથે નિવેધ ચઢાવાય છે. બિહારી ગીતો ગાઈ નાચ ગાન સાથે ઈષ્ટદેવની પૂજા અર્ચના કરવામાં આવે છે. તેઓ પોતાના ઈષ્ટદેવ સમક્ષ દિર્ઘ આયુની માંગણી કરતા હોય છે. બિહારી ભાઈઓ કારીગરીનું કામ કરી જીવન નિર્વાહ ચલાવતો હોયછે પરંતુ છઠ્ઠનાં આ પવિત્ર દિવસે મહાઆરતી સાથે પૂજા પાઠ કરી ધન્યતા અનુભવે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦